# ઉનાળાના વેકેશન દરમિયાન એક તરફ લગ્ન સીઝન પુરબહારમાં ખીલી ઉઠી છે

## સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડામાં પ્રાઈવેટ લક્ઝરી બસના સંચાલકો નિતી-નિયમો નેવે મુંકી મનફાવે તેમ ધોળા દિવસે ઉઘાડી લુંટ ચલાવી રહ્યા છે.મુસાફરોની મજબુરીનો લાભ ઉઠાવી રહ્યા છે

ભિલોડા,તા.૧૪

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડામાં લક્ઝરી બસના સંચાલકો નિતી-નિયમો નેવે મુંકી મનફાવે તેમ ધોળા દિવસે ઉઘાડી લુંટ ચલાવી રહ્યા છે.ઉનાળાના વેકેશન દરમ્યાન એક તરફ લગ્ન સીઝન પુરબહારમાં ખીલી ઉઠી છે.મુસાફરોની મજબુરીનો લાભ પ્રાઈવેટ લક્ઝરી બસોવાળા ઉઠાવી રહ્યા છે.સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડાના જાગૃત મુસાફરોના જણાવ્યા મુજબ ઉનાળાના વેકેશન દરમ્યાન લગ્ન સીઝન ચાલી રહી છે.મુસાફરોને અવરજવર કરવા માટે ટ્રેનની ટીકીટો તાત્કાલીક ધોરણે મળતી નથી.ટ્રેનની ટીકીટ તાત્કાલીક મેળવવા માટે કાળા બજાર કરતા બે નંબરીયા એજન્ટોને મન ફાવે તેમ રૂપિયા આપવા પડતા હોય છે.એક તરફ પ્રાઈવેટ લક્ઝરી બસ સંચાલકો મન ફાવે તેમ ધોળા દિવસે ઉઘાડી લુંટ ચલાવી ભાડાં વસુલી રહ્યા છે.આર.ટી.ઓ.અને પોલીસ તંત્રના નિતી-નિયમો નેવે મુંકી મન ફાવે તેમ મનસ્વીપણે ભાડા વસુલ કરતા હોય છે.એક ગુજરાતી કહેવત અનુસાર મજબુરી નામ મહાત્મા ગાંધી કહેવાય છે આ કહેવત અનુસાર મુસાફરો પ્રાઈવેટ લક્ઝરી બસના સંચાલકો પાસે ધોળા દિવસે લુંટાઈ રહ્યા છે.

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકાના હજ્જારો પરીવારો મુંબઈ મહાનગરીમાં વ્યવસાય અર્થે વસ્યા છે પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે સામાજીક કામ-કાજ અર્થે માદરે-વતન દરેક પરીવારોને અવાર-નવાર અવરજવર કરવી પડતી હોય છે.પ્રાઈવેટ લક્ઝરી બસ સંચાલકો મન ફાવે તેમ ઉઘાડી લુંટ ચલાવી મુસાફરોને ધોળા દિવસે લુંટી રહ્યા છે.

ભિલોડાથી મુંબઈ પ્રાઈવેટ લક્ઝરી બસનું સીટીંગ ભાડું રૂા.૬૦૦/-,સીંગલ સ્લીપર રૂા.૧૨૫૦/-,ડબલ સ્લીપર રૂા.૨૫૦૦/- હોવાનું જાગૃત મુસાફરો ધ્વારા જાણવા મળેલ છે.જી.એસ.આર.ટી.સી.ધ્વારા ભિલોડાથી મુંબઈ ગુર્જર નગરી સરકારી એસ.ટી.બસનું સીટીંગ ભાડું રૂા.૪૮૦/- છે પરંતુ જાગૃત મુસાફરોના જણાવ્યા મુજબ જી.એસ.આર. ટી.સી.હિંમતનગર ડિવીઝન ધ્વારા ભિલોડા એસ.ટી.ડેપોમાં સ્લીપર કોચ વોલ્વો એસ.ટી.બસ આપવા મુસાફર જનતાની પ્રબળ લોકમાંગણી છે.

જાગૃત મુસાફરોના જણાવ્યા મુજબ જી.એસ.આર.ટી.સી.ની એસ.ટી.બસોમાં યોગ્ય સુવિધાઓ નહીવત સાથે-સાથે એસ.ટી.બસો અપુરતી હોવાના કારણે મુંબઈના મુસાફરોની મજબુરીના કારણે પ્રાઈવેટ લક્ઝરી બસ સંચાલકો મન ફાવે તેમ ભાડાં વસુલી રહ્યા હોવાનું જાણવા મળેલ છે.જાગૃત મુસાફરોના જણાવ્યા મુજબ પ્રાઈવેટ લક્ઝરી બસના ડ્રાઈવરો માંતેલા સાંઢની માફક ટાઈમીંગ સેટ કરવા માટે પુરપાટ ઝડપે લક્ઝરી બસ હંકારતા હોવાના કારણે ક્યારેક-ક્યારેક નાના-મોટા અકસ્માતો સર્જાય છે ત્યારે નિર્દોષ પ્રજાજનોનો ભોગ લેવાય છે.

પ્રાઈવેટ લક્ઝરી બસોના સંચાલકો મુસાફરો,ઘઉંના કટ્ટા લક્ઝરીમાં ઓવરલોડ ભરી માર્ગો ઉપર બિન્દાસ્ત ફરતા હોય છે.પ્રાઈવેટ લક્ઝરી બસના સંચાલકોને જાણે કે આર.ટી.ઓ.અને પોલીસ તંત્રના અધિકારીઓનો બિલકુલ ડર જોવા મળતો નથી.આધારભુત સુત્રો ધ્વારા પ્રાપ્ત માહિતી મુજબ આર.ટી.ઓ.અને પોલીસ તંત્રના જવાબદાર અધિકારીઓ હપ્તાની માયાઝાળમાં ફસાયા હોવાના કારણે આંખ આડા કાન કરતા હોવાનું લોકમુખે ચર્ચાય છે.પ્રાઈવેટ લકઝરી બસના સંચાલકો મુસાફરોને ધોળા દિવસે મનફાવે તેમ લુંટી રહ્યા છે.વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓ ધ્વારા સત્વરે લાલ આંખ કરવાનો અને પ્રાઈવેટ લક્ઝરી બસના સંચાલકોને કાયદાનું ભાન કરાવવાનો હવે સમય પાકી ગયો હોય તેમ મુસાફર જનતામાં ચર્ચાતો પ્રાણ પ્રશ્ન છે.

# સિદ્ધપુરમાં પાટીદાર સમાજની ૬૪મી નવ દિવસીય ગૃહિણી તાલીમ શિબિરનો શુભારંભ

## મહિલાઓને અલગ - અલગ વિષય પર તજજ્ઞો દ્વારા માહિતી આપવામાં આવશે : શિબિરમાં સમાજની ૧૩૩ મહિલાઓ જોડાઈ

ઊંઝા, તા. ૧૭

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઉંઝા, ધરતી પરિવાર-મહેસાણા અને શ્રી મોટા બાવન કડવા પાટીદાર સમાજ -ગતિ મંડળ (જનરલ) આયોજીત ૬૪મી નવ દિવસની ગૃહિણી તાલીમ શિબિરનો આજ રોજ સ્વામીનારાયણ ગુરૂકુળ, સિધ્ધપુર ખાતે શુભારંભ કરવામાં આવ્યો હતો. ગૃહિણી તાલીમ શિબિરમાં શ્રી મોટા બાવન કડવા પાટીદાર સમાજની ૧૩૩ બહેનોએ ભાગ લીધો છે. તજજ્ઞો દ્વારા ૩૬ વિષયો આવરી લેવામાં આવ્યા છે..





આ -સંગે સ્વામીનારાયણ મંદિર સિધ્ધપુરના શાસ્ત્રી સ્વામીશ્રી ચંન્દ્ર-કાશદાસજીએ આશીર્વચન આપતાં શિબિરાર્થી બહેનોને જણાવ્યું હતું કે, શિસ્ત, શિખામણ, બીજાનું અનુકરણ અને રહેણી-કરણી શીખવા મળે તે શિબિર કહેવાય. જીવનમાં ગમે તેવી મુશ્કેલીઓ આવે તેનો સામનો કરવાની શીખ આપી હતી. જીવનમાં સંકટોનો સામનો કરીશું તો જીવનમાં -ગતિ થશે. આ શિબિરમાંથી જીવન જીવવાનું ભાથું મળી રહેશે તેને જીવનમાં ઉતારજો અને સમાજ-દેશને ઉપયોગી બનજો તેવા આશીર્વાદ આપ્યા હતા.

આ -સંગે સમાજના આગેવાન અને એ.પી.એમ.સી., ઉનાવાના ચેરમેનશ્રી બી.કે.પટેલે જણાવ્યું હતું કે, દીકરીઓ બે ઘરને તારે છે. આ શિબિરમાંથી સંસ્કારો મેળવી યશસ્વી જીંદગી જીવવા અને સમાજને ઉપયોગી થવા અનુરોધ કર્યો હતો.

આ -સંગે સમારંભના ઉદ્દઘાટક અને સ્વમીનારાયણ ગુરૂકુળ, સિધ્ધપુરના -મુખશ્રી શીવમભાઈ પટેલે જણાવ્યું હતું કે, સમાજની દિન -તિદિન -ગતિ થઈ રહી છે. પરંતુ ઘણી અડચણો આવી રહી છે. જેનું માર્ગદર્શન આ તાલીમ શિબિરમાંથી મળી રહેશે. જીવનમાં ચડતી-પડતી આવે ત્યારે નિર્ભયતાથી સામનો કરવાનું કૌશલ્ય મેળવીએ.

આ -સંગે ધરતી પરિવાર-મહેસાણાના ઉપ-મુખશ્રી -હલાદભાઈ પટેલે ગૃહિણી તાલીમ શિબિરનો હેતુ અને આશય સમજાવતાં જણાવ્યું હતું કે, આ શિબિરમાંથી વૈચારિક ભાથું, જ્ઞાનની પરખ અને સંસ્કારો મળશે. જે સમાજમાં પરિવર્તન લાવશે. બહેનોનો સર્વાંગી વિકાસ થાય તેવું ભાથું આપવામાં આવશે. વાનગી, શાકભાજી, મહેંદી, અંધશ્રધ્ધા, મહિલા કાનુની માર્ગદર્શન, શિક્ષણ, પશુપાલન, સહકાર, સ્ત્રી ભૃણ હત્યા, બાળકોનો ઉછેર, કુદરતી ઉપચાર, આરોગ્ય જેવા જુદા જુદા ૩૬ વિષયોનું જીવનમાં ઉપયોગી તજજ્ઞો દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. આ સમારોહના મુખ્ય મહેમાન અને શ્રી મોટા બાવન કડવા પાટીદાર પરિવાર ટ્રસ્ટના -મુખશ્રી શીવરામભાઈ પટેલે ટ્રસ્ટ દ્વારા કરવામાં આવતી સમાજની કલ્યાણકારી યોજનાઓની માહિતી આપી હતી.

આ -સંગે ધરતી પરિવાર-મહેસાણાના -મુખશ્રી તુલસીભાઈ પટેલે ધરતી પરિવારની -વૃત્તિઓની વિગતવાર માહિતી આપી હતી. શ્રી મોટા બાવન કડવા પાટીદાર સમાજ -ગતિ મંડળ (જનરલ)ના -મુખશ્રી ત્રિભોવનભાઈ પટેલે મંડળની કામગીરી વિસ્તૃત માહિતી આપી હતી. મંડળના અધ્યક્ષશ્રી કેશવલાલ પટેલે સ્વાગત -વચન કર્યું હતું. મંડળના મંત્રીશ્રી કનુભાઈ પટેલે આભારવિધિ કરી હતી. શ્રી -હલાદભાઈ પટેલ અને ઈશ્વરભાઈ કે.પટેલે સભાનું સફળ સંચાલન કર્યું હતું.

આ ગૃહિણી તાલીમ શિબિરને સફળ બનાવવા મંડળના અધ્યક્ષશ્રી કેશવલાલ પટેલ, -મુખશ્રી ત્રિભોવનભાઈ પટેલ, મંત્રીશ્રી કનુભાઈ પટેલ, ઉપ-મુખશ્રીઓ -હલાદભાઈ પટેલ, સુરેશભાઈ પટેલ, -ગતિ મંડળ, સિધ્ધપુરના કાર્યકરો, જનરલ મંડળના સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# યનિક યુ સ્કૂલ ઈડરના બાળકોનો સાયન્સ ઓલમ્પિયાડમાં રાષ્ટ્રીય કક્ષાએ ઉત્કૃષ્ઠ દેખાવ

ઈડર, તા. ૧૭

પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. કલામજીના India Vision ૨૦૨૦ થી ે-રિત થઈને શરુ થયેલ યુનિક યુ સ્કૂલ,દ્વારા બાળકોમાં -ાથમિક કક્ષાએથીજ વિજ્ઞાન માટે વિશેષ રસ, રુચિ




અને અભિગમ કેળવાય એ માટે પદ્ધતિસરના -યત્નો થઈ રહ્યા છે. વિજ્ઞાનના પાયાની સિધ્ધાંતોની સમજ બાળકોમાં કેળવાય તથા બાળકો સ્વયં -યોગ કરતા થાય તે માટે સાયન્સ સીટી ભાવનગર અને અમદાવાદ તથા અન્ય વૈજ્ઞાનિકોની મદદથી શાળામાંજ -યોગો માટે કિટ્સ તથા જરૂરી ફિલ્ડ વિઝીટ દ્વારા અનુભવજન્ય શિક્ષણ અપાય છે. ધો-૫ થી ઉપરના ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના દરેક બાળકોએ વ્યકિતગત/ગ્રુપમાં -યોગોની રજૂઆત અન્ય વિદ્યાર્થીઓ તથા વાલીઓ સમક્ષ કરી છે.

આવા -કારના -યત્નો દ્વારા વિજ્ઞાનના પાયાના ખ્યાલોની સ્પષ્ટ સમજ બાળકોમાં વિકસી છે. આ વિકસેલી સમજની ચકાસણી થાય તથા સ્પર્ધાત્મક પરીક્ષોઓ માટે બાળકોનો આત્મવિશ્વાસ બુલંદ થાય તે માટે યુનિક યુ સ્કૂલ છેલ્લા બે વર્ષથી ઈન્ડિયન સાયન્સ ઓલમ્પિયાડ (ISO) ની પરીક્ષાની તાલીમ શાળામાં આપે છે અને શાળાના તમામ વિદ્યાર્થીઓ આ પરીક્ષામાં બેસે છે. પરીક્ષા માટે સાહિત્ય પણ શાળા પુરુપાડે છે.

આ વર્ષે ઈન્ડિયન સાયન્સ ઓલમ્પિયાડમાં રાષ્ટ્રીય સ્તરે યુનિક યુ સ્કૂલના ગુજરાતી માધ્યમના ૧૧૩ અને અંગ્રેજી માધ્યમના ૭૭ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.અંગ્રેજી માધ્યમમાં -જાપતિ હિતાર્થી, સુથાર ધ્રુવી અને પટેલ ચિંતન શાળા કક્ષાએ -થમ, દ્વિતીય અને તૃતીય ક્રમ મેળવે છે.ગુજરાતી માધ્યમમાં ચૌધરી નિર્મલ, વ્યાસ હેત્વી અને જેતાવત ન્સિ રાજ -થમ, દ્વિતીય અને તૃતીય સ્થાન મેળવે છે.

યુનિક યુ સ્કુલમાં વર્ષ દરમિયાન અમેરિકા, જાપાન, જર્મની અને યુકેથી પધારેલ વૈજ્ઞાનિકોએ બાળકોને વિજ્ઞાનમાં આગળ વધી માનવજાતને ઉપયોગી થાય તેવા સંશોધનો કરવા -ેત્સાહિત કાર્ય હતા.Skype મદદથી બાળકોએ યુકે અને અમેરિકાના નિષ્ણાતો સાથે સંવાદ કરી જ્ઞાનની અભિવૃદ્ધિ કરી હતી. અમેરિકા ના Brain Scientist, Mr. James Pearce ની સાથે Skype થી સંવાદ કરીને સ્કૂલના વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ સંતુલિત આહારની આંતરરાષ્ટ્રીય દ્રષ્ટીકોણથી સમજ મેળવી હતી.

યુનિક યુ સ્કુલમાં -ાથમિક કક્ષાએથીજ બાળકો વિજ્ઞાનમાં રસ લેતા થાય અને સંશોધન માટે માનસિક રીતે સજ્જ બંને તે માટે પદ્ધતિસરના -યાસો ડૉ. કલામ ઈચ્છે છે તેવા યુવા વૈજ્ઞાનિકો તૈયાર કરવાની દિશામાં નક્કર -યત્નો છે. ટૂંક સમયમાં સાયન્સ સીટી અમદાવાદના મુખ્ય વૈજ્ઞાનિક ડૉ. સાહુના હસ્તે યુનિક યુ સ્કૂલ ઈડરમાં "Young Scientist- યુવા વૈજ્ઞાનિક -ોજેક્ટ શરૂ થનાર છે.

# વિશ્વા મિસ્ત્રીએ સુથાર સમાજનું ગૌરવ વધાર્યુ

પ્રાંતિજ, તા. ૧૭

સાબરકાંઠાના પ્રાંતિજના મૂળ વતની અને હાલ હિંમતનગર સ્થાયી થયેલા એક સુથાર પરિવારની દિકરીએ નડિયાદ ખાતે એન્જીનીયરીંગનો અભ્યાસ કરતા પ્રથમ સ્થાન મેળવી એક સાથે ત્રણ ત્રણ મેડલ જીતીને કોલેજ તથા સમગ્ર સુથાર સમાજનું ગૌરવ વધાર્યું છે. તેમની આ સિદ્ધિ બદલ સંસ્થાએ તેમનું બહુમાન કર્યુ છે.

નડિયાદ ખાતે આવેલ ધર્મસિંહ દેસાઈ યુનિવર્સિટીની ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજીની ઈલેક્ટ્રોનીક્સ એન્ડ કોમ્યુનિકેશનમાં બેચ નં. ૨૦૧૦-૨૦૧૪માં અભ્યાસ કરતી મિસ્ત્રી વિશ્વા નયનકુમારે ઈ.સી. એન્જીનીયરીંગમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. તેમની આ સિદ્ધિ બદલ તા. ૯મી મે એ યુનિવર્સિટી કેમ્પસમાં યોજાયેલ એક સમારંભમાં જાણીતી કંપની વેદાંત રીસોર્સના ચેરમેન સુનિલ અગ્રવાલ તેમજ ડાયવેઝ કેડીલાગૃપના મેનેજીંગ ડીરેક્ટર પંકજ પટેલના હસ્તે ત્રણ મેડલ એનાયત કરાયા હતા. આ ત્રણ મેડલોમાં કાન્તિભાઈ સીવાભાઈ પટેલ, ચાન્ગાવાલા મેડલ, પંડ્યા ઈશ્વર લાભશંકર મેડલ અને પટેલ કુંદનબેન દિનશા પટેલ મેડલનો સમાવેશ થાય છે. આ ત્રણે મેડલ પ્રાપ્ત કરી અનોખી સિદ્ધિ મેળવી વિશ્વા મિસ્ત્રીએ સમગ્ર સુથાર સમાજનું ગૌરવ વધાર્યુછે. તેમને સમાજ તરફથી અભિનંદન વર્ષા સતત કરાઈ રહી છે.

# સાબરકાંઠામાં દીપસિંહ રાઠોડ પર ધોધમાર અભિનંદન વર્ષા


## સાબરકાંઠામાં કોંગ્રેસે વિધાનસભાની ૭માંથી ૬ બેઠક જીતી હતી તેથી સલામત બેઠક માની અહીંથી શંકરસિંહે ઉમેદવારી નોંધાવી હતી

લોકસભાની ચૂંટણીઓમાં સાબરકાંઠા જિલ્લાની બેઠક પરથી ભાજપના લો-પ્રોફાઈલ નેતા દીપસિંહ રાઠોડે તેમના નજીકના હરિફ ગુજરાત વિધાનસભાના વિરોધ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલાને કારમી હાર આપી છે. દીપસિંહ રાઠોડે સાબરકાંઠામાં વિધાનસભાની ૭માંથી ૬ બેઠક પર કોંગ્રેસનો કબ્જો હોવા છતાં આ વિજય મેળવતા ચોમેરથી અભિનંદનની વર્ષા થઈ રહી છે. દેશભરમાં ફેલાયેલા નરેન્દ્ર મોદીના વાવાઝોડામાં સાબરકાંઠા બેઠક પરથી ભાજપના ઉમેદવાર દીપસિંહ રાઠોડે કોંગ્રેસના કદાવર નેતા શંકરસિંહને હરાવતા તેમની ઉમેદવાર તરીકેની પસંદગીને યોગ્ય ઠેરવી છે. તેમના આ જવલંત વિજય માટે મોડાસાના માજી ધારાસભ્ય દિલીપસિંહ પરમાર, ભાજપના સંગઠન પ્રમુખ પી.સી. પટેલ અને ભરતસિંહ રહેવર અને ભાજપના કાર્યકરોએ આ વિજયના પગલે દીપસિંહ રાઠોડને અભિનંદન પાઠવ્યા હતા. સાબરકાંઠામાં વિધાનસભાની ચૂંટણીઓમાં કોંગ્રેસે ૭માંથી ૬ બેઠક હાંસલ કરી આથી શંકરસિંહ વાઘેલાએ આ બેઠકને સલામત માની ત્યાંથી તેમની ઉમેદવારી નોંધાવી હતી. પરંતુ નરેન્દ્ર મોદીની આંધીમાં તેમની આ બાજી ઉંધી વળી ગઈ હતી. સાબરકાંઠા જિલ્લો અને અરવલ્લી જિલ્લો નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં વિકાસ ઝંખી રહ્યો છે ત્યારે આગામી સમયમાં દીપસિંહ રાઠોડ આ બાબતે જાગૃત રહી વિકાસના કાર્યો કરી બતાવે અને આ વિસ્તારના લોકોની સમસ્યાઓ ઉકેલે તેવી જનતામાં અપેક્ષા ઉભી થવા પામી છે.

# ઉત્તર ગુજરાતમાં ભાજપનો ભગવો લેહરાવવા બદલ મતદારોનો આભારી છુ : શંકર ચૌધરી

પાટણ, તા. ૧૭

સમગ્ર દેશમાં મોદીની સુનામીએ કોંગ્રેસના પંજાને ફંગોળી નાખ્યો છે. રાજ્યમાં પણ ભાજપે તમામ બેઠકો પર વિજય મેળવી કોંગ્રેસને ક્લીન સ્વીપ આપી છે. ઉત્તર ગુજરાતમાં ભાજપનો ભગવો લહેરાતા ઉત્તરઝોનના પ્રભારી શંકરભાઈ ચૌધરીએ મતદારોનો આભાર માન્યો છે.



મોદીની આગેવાનીમાં યોજાયેલી ચૂંટણીમાં કોંગ્રેસના અનેક રેકોર્ડ ધ્વસ્ત થઈ ગયા છે. ત્યારે રાજ્યમાં પણ ભાજપે ૨૬ બેઠક પર વિજય મેળવી નવો રેકોર્ડ પ્રસ્થાપિત કર્યો છે. ત્યારે ઉત્તર ગુજરાત ઝોન પ્રભારી શંકરભાઈ ચૌધરીએ બનાસકાંઠા, પાટણ, મહેસાણા, કચ્છ, અમદાવાદ પૂર્વ અને પશ્ચિમ અને ગાંધીનગર બેઠકના મતદારોનો ભાજપને વિજય બનાવતા આભાર વ્યક્ત કર્યો છે. વધુમાં શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે દેશને કોંગ્રેસ મુક્ત કરવાના નરેન્દ્રભાઈ મોદીના સંકલ્પને ઉત્તર ગુજરાતના મતદારોએ ટેકો આપ્યો છે. અને તમામ બેઠક પર ભાજપને વિજયી બનાવતા નરેન્દ્રભાઈ પ્રત્યેની લાગણી અને પ્રેમ દર્શાવ્યો છે. તેમજ તેમણે કહ્યું કે ગુજરાતની ધરતીના સપુત દેશની ગાદી સંભાળે તે માટે ઉત્તર ગુજરાતના રહિશોએ ભારે પરિશ્રમ કર્યો છે તે માટે હુ અહિના રહિશોનો આભારી છુ.

# દર્દીનો મશીનમાં હાથ આવતા મશીનની સાથે જ હોસ્પિટલમાં

અમદાવાદ, તા.૧૭

શહેરના મેઘાણીનગર વિસ્તારમાં આવેલા ગુજરાત હાઉસિંગ બોર્ડ ખાતે અગરબત્તી બનાવવાના મશીનમાં એક યુવકનો મશીનમાં હાથ ફસાઈ ઝતાં તે યુવકને ૧૦૮ દ્વારા મશીન દ્વારા સીવીલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જેમાં ડોક્ટરો દ્વારા તેના હાથ બચાવવાના પ્રયત્નો હાથ ધરવામાં આવ્યો છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતોનુસાર શહેરના મેઘાણીનગર વિસ્તારમાં અગરબત્તી બનાવવાનું કારખાનું આવેલું છે તે કારખાનામાં મનસુખભાઈ પટેલ અઘરબત્તી બનાવવાનું કામ કરે છે. સવારે ૯:૦૦ વાગ્યાના સુમારે મનસુખભાઈ અગરબત્તી બનાવી રહ્યા હતા તે દરમ્યાન એકાએક મનસુખભાઈનો હાથ મશીનમાં આવી ગયો હતો. મશીનમાં હાથ આવી જતાં તાત્કાલીક ૧૦૮ને ફોન કરવામાં આવ્યો હતો. ૧૦૮નો સ્ટાફ ઘટના સ્થળે પહોંચ્યો ત્યારે અસહય દર્દથી કણસતાં વ્યક્તિનો હાથ મશીનમાંથી કાઢવો અશક્ય લાગતાં તેમને મશીન સાથે જ સીવીલમાં લઈ જવાની ફરજ પડી હતી જ્યાં ડોક્ટરો દ્વારા તેમના હાથને મશીનમાંથી કાઢી બચાવવાના પ્રયત્ન શરૂ કરવામાં આવ્યા છે.


આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧



ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન